# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૯ • તા. ૨૬ એપ્રિલ થી ૨ મે ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિરનું આયોજન થયું




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy
Akshaya
Tritiya
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**ચંદ્રેશ વિરચંદ છેડા**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ધનપતિની મનોવૃત્તિ

મહાનચિંતક રસ્કિન કહ્યું છે કે જે માણસ પોતાના ધનમાંથી દાન કરી શકે છે અને બીજાને આપી શકે છે તે ખરેખર શ્રીમંત છે. ધનના ઢગલા પડ્યા હોય પણ અન્યને આપવા માટે હાથથી છૂટી ન શકે એ ધન ધૂળ બરાબર છે. પોતાની પાસે જરૂરિયાત કરતાં ઓછું હોય તે છતાં બીજાને તેમાંથી આપી શકે તે મનનો મહારાજા છે. આ ઉદારતા ધન્ય ધન્ય છે. કેટલાક માણસો અજ્ઞાત ભયના કારણવશ કે નામના અર્જિત કરવા મને કમને થોડું ઘણું દાન કરનાર અને મેં આટલું ધન દાન કર્યું. આટલી સખાવત કરી આવો ઢંઢેરો પીટનારાને પુણ્ય જમા થાયે તેના કરતાં વધુને વધુ પ્રસિદ્ધિ મળે એમાં રસ હોય છે. જે જાહેરાત કરીને દાન કરે છે, જે વાતે વાતે ગણત્રી કરીને સખાવત કરતો હોય એ માણસ સાચો દાનવીર નહીં પણ ખરો વેપારી છે.

માણસ ધન કમાય છે અને તેનો સંગ્રહ કરે છે. સંગ્રહેલી સંપતિ દિવસો દિવસ વધતી રહે છે. પણ તેનો ઉપયોગ થતો નથી બહુધા લોકો જીવનમાં જેટલું કમાય છે. જેટલું ધન સંગ્રહ કરે છે તેટલું વાપરી શકતા નથી. જમા કરેલું ધન તિજોરીમાં બંધ રહી જાય છે અને જીવ પરલોક સિધાવી જાય છે. ઉપયોગ કર્યા વગરની સંપતિથી વધુ સુખ મળતું નથી. વધુ કમાણીની આશાથી અસંતોષ જન્મે છે અને લાય બળતરામાં સુખ ક્રમશ ઘટતો જાય છે. તૃષ્ણા અને લોભ મન પાસે ન કરવાના કામ કરાવે છે. લોભને થોભ નથી. જેટલું મળ્યું છે એ ઓછું લાગે છે. બધે બધુ મળી જાય તો પણ મન ભરાશે નહીં લોભની દ્રષ્ટિ લાભ મેળવવા તરફ હોય છે. તેમને સંતોષ ધરવ કદી થવાનો નથી. તેમની ધન વધુ મેળવવાની લાલસા, તૃષ્ણા દિવસો દિવસે વધતી જાય છે એ કદી તૃપ્ત થવાની નથી. તેમની આશા વણ છીપી રહે છે. આજે જે નથી મળ્યું તે આવતી કાલે મળશે એ આશામાં તે સતત હડીયા પટ્ટી કરે છે. લોભનું સ્વરૂપ સુક્ષ્મ છે પણ તેનો વિસ્તાર ઘણો વિશાળ છે. ધનના મોહમાં માણસ અંધ બની જાય છે. પછી તે મનોચક્ષુની સુક્ષ્મ નજરથી તે શું વર્તન કરે છે. કઈ દિશામાં ગમન કરે છે તે પણ તેને ખબર પડતી નથી. સ્વભાવથી લોભી હોય તે જલદી પરખાઈ જાય છે. પણ જેમની મનોવૃત્તિ ટૂંકી હોય તે કળાતો નથી. મોહ માણસની આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાઈ આવે. પરંતુ જેમનું મન લોભી હોય એ ઝટ કળાતો નથી. લોભીને પોતાને પણ જાણ નથી હોતી. તે પોતાની જાતને ઉદાર, દિલદાર સમજતો હોય છે. અન્યના દુ:ખને જોઈને તેને અરેરાટી થાય છે. પણ તેમાંથી તેને ઉગારવા પ્રયત્ન કરતો નથી કે તેને તેના દુ:ખમાં ઉગારવા સ્વ પ્રયત્ન કરતો નથી કે પોતાની શક્તિ સંપતિ કે સાધનનો ઉપયોગ કરતો નથી.

માણસને ગજાથી અધિક મળે એ પણ ચિંતાનો બોજ છે. જેટલું નિજાનંદપૂર્વક વપરાશ થાય. પોતાના માટે નહીં પણ અન્ય માટે ઉપયોગી થાય એ ધન-સંપતિ કલ્યાણકારી છે. જેટલું ધન સારા માર્ગે વપરાય એનાથી દીન દુખિયાના કષ્ટ હરાય, તેમના આંસુ લૂંછવા માટે વપરાય તે ધનની સદગતિ છે. સારી દિશા છે અને ધન માલિકની પ્રગતિ છે.

-જય જ્ઞાતિમૈયા

# નવા વર્ષની શરૂઆત

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આપણા દેશમાં વિવિધ પ્રકારે નવા વર્ષની શરૂઆત થાય છે. હિંદુ ધર્મમાં દિવાળી પછી કારતક માસથી વિક્રમ સંવતની શરૂઆત થાય છે. જાન્યુઆરી નવા ઈસુ વર્ષના પ્રારંભ થાય છે. ત્યાર પછી ચૈત્ર માસના પ્રારંભે ગુડી પડવાથી મહારાષ્ટ્રિયન નૂતન વર્ષની શરૂઆત થાય છે. જેને મરાઠી ઉપરાંત કોંકણી, કન્નડી, તેલુગુ ભાષી પ્રજા પણ પોતાના નવ વર્ષ ઉગાદી તરીકે ગણે છે. સરકારના ધારા ધોરણા મુજબ તા.૧ એપ્રિલથી હિસાબી વર્ષનો પ્રારંભ થાય છે. જે કર આકરણી કરવાનો માપદંડ દર્શાવે છે. દેશનો પ્રત્યેક નાગરિક, વ્યાપારી કરદાતા એપ્રિલથી માર્ચના સમય ગાળાને વર્ષ સમય ગાળો પોતાની આવકની ગણતરી અને ચૂકવવા પાત્ર કરની આકરણી કરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સલાહ સૂચન લઈ વાર્ષિક કર પત્રક ભરે છે.

મલયાલમ લોકો ઓણમ નવા વર્ષ તરીકે સ્વીકારે છે. જે એપ્રિલ-મે મહિનામાં આવે છે. ત્રિપુરા અને બંગાળના લોકો માટે પોહેલા બોઈસાલ એટલે વૈશાખ મહિના અગાઉ આવતો પર્વ નવા વર્ષ તરીકે મનાવે છે. તો આ જ સમય ગાળામાં આસામી લોકો બોઈ સાગુ અથવા રોંગાળી બિહુને વર્ષ તરીકે ઉજવે છે. ખેતી ઉપજ જે રાજ્યનો આધાર છે એવા પંજાબ રાજ્યમાં વૈશાખીના તહેવાર નિમિત્તે નવા પાકનું વાવેતર કરીને પાકની લણણી કરી કૃષિ આવકની નિપજનો આનંદ મનાવે છે. કચ્છીઓનું જીવન દરિયા અને વરસાદ આધારિત હોવાથી અષાઢી બીજને માધ્યમ બનાવી નવું વર્ષ મનાવે છે.

આ તો થઈ દેશના વિવિધ પ્રાંતો-રાજ્ય વિભાગમાં ઉજવાતા નવા વર્ષ વિશે. પણ વાત કરવી છે નવા હિસાબી વર્ષની જે દેશના દરેક કર દાતા, વેપારી વ્યવસાયીને સ્પર્શે છે. આપણે જ્યારે કોઈ કામકાજ, ધંધો, રોજગાર હાથ ધરીએ એ પછી એક વર્ષ પુરૂ કરીએ એટલે સરવૈયું માંડીએ છીએ. આવક સામે ખર્ચ-ખરીદીની રકમ ઈત્યાદિ બાદ કરી કેટલુ કમાયા કેટલું ગુમાવ્યું તેની તારીજ કરી લઈએ છીએ. તારવણી કરી બેલેન્સશીટ આગળના વર્ષે લઈ જઈએ છીએ. નવા વર્ષથી નવી એકાઉન્ટ બુક અને નવા સંકલ્પ, નવી વિચાર સરણીથી કદમ માંડવા પડે છે. વિતેલા વર્ષમાં મેળવેલી સફળતા કે પછી કરેલ ભૂલ આ બધાને યાદ કરીને નવા વર્ષમાં સંકલ્પ કરવા જોઈએ. જેથી પારોઠના પગલા ન ભરવા પડે. પ્રગતિ સડસડાટ આગળ વધે.

નવું વર્ષ એટલો નવા નિર્ધાર કરવાનો સમય, રિઝોલ્યુશન કરવું એ મજાની વસ્તુ છે. નવો ઉત્સાહ, નવી ઉર્જાથી ગત વર્ષમાં અધૂરા રહેલા કાર્યોને ગતિ આપવી જોઈએ. લેવડ દેવડના જમાનામાં આજે લાગણીના સોદા થવા લાગ્યા છે. નવા હિસાબી વર્ષે કોનાથી કેટલો વ્યવહાર રાખવો, જાળવવો, કોનાથી ઓછો કરવો એના સરવૈયા લોકો કરતાં થયા છે. વ્યાપારની વૃધ્ધિ અને સુખની સમૃધ્ધિ જેમ જેમ ઊંચે થતી ગઈ છે તેમ તેમ માનસિકતાના માપદંડ અને કૌટુંબિક વાતાવરણનો વ્યાસ નીચો થતો ગયો છે. આખાય વર્ષમાં દિવસોએ આપણને શું આપ્યું એ ભૂલીને રાત કેટલી બિહામણી વિતાવી એ જ ખાલી ગણતાં રહ્યાં. દરેક ઉગતી સવારનો સૂરજ એક નવી શરૂઆતનો મોકો આપે છે એ પ્રકારે ૩૬૫ નવા નવા મોકા મળ્યા પણ નકારાત્મક વિચારોને કારણે તેનો ભરપૂર લાભ ન લઈ શક્યા. પછી નસીબને દોષ આપવાથી શું વળે?

વીતેલા વર્ષમાં આપણે ઘણી બધી નવી પરિસ્થિતિમાં મુકાયા હશુ અને મૂંઝાયા પણ હશું જેમાં સફળતા તો ક્યારે નિષ્ફળતા મળી હોઈ શકે પણ એ લક્ષ્ય હૈયે રાખવું કે નિષ્ફળતા જ સફળતા તરફ લઈ જતું પહેલું પગથિયું છે. આથી થયેલી ભૂલોમાંથી શીખીને આગળ વધીએ અને સફળતા મેળવીએ.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank

# જ્ઞાતિજનોને આવ્હાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિરનું આયોજન થયું





શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન આયોજિત, શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમ સંયુક્ત સંચાલિત જ્ઞાતિ ચિંતન શિબિર, શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી અમદાવાદના સહકારથી કચ્છી જૈન સેવા સમાજ સંકુલ પાલડી અમદાવાદ મધ્યે તા. ૨૦-૪-૨૦૨૫ ના સવારે ૯ કલાકે યોજાઈ હતી.

કાર્યક્રમનું મંચસ્થ સ્થાન સમસ્ત મહાજનશ્રીના જનરલ સેક્રેટરી શ્રી નિશિથભાઇ દંડ, મુલચંદભાઇ મોતા, કચ્છ એકમનાં પ્રમુખ મહેશભાઇ લાલકા, પશ્ચિમ એકમનાં પ્રમુખ કમલેશભાઇ, અમદાવાદ મહાજનના મે.ટ્રસ્ટી ગુલાબભાઇ દંડ, અમદાવાદ મહાજનના પ્રમુખ જીતેન્દ્રભાઇ ખોનાએ શોભાવ્યું હતું.

શ્રી રાજેશભાઇ ધરમશી તથા ચંદ્રેશભાઈ નાગડા એ સ્વાગત પ્રવચન કરતાં સૌને મીઠડો આવકાર આપ્યો હતો.

પ્રારંભે દિપ પ્રાગટ્ય કરી મંચસ્થ સર્વે મહાનુભાવોએ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની તસ્વીરને હારારોપણ કરવામાં આવેલ.

ત્યારબાદ શ્રી નિશીથભાઇ દંડે (૧) સગપણ અને સંબંધ બાંધવામાં પડતી મુશ્કેલીઓ, (૨) જન્મ દરમાં નોંધ પાત્ર થયેલો ઘટાડો અને (૩) છૂટાછેડાના વધતા કેસો અંગે સર્વે ઉપસ્થિત એકમના પ્રતિનિધિઓ તથા વિવિધ મહાજનશ્રીના પ્રતિનિધિઓ સમક્ષ આ ત્રણે મુદ્દાઓ ઉપર ચર્ચામાં ભાગ લઇ સૂચનો કરવા જણાવ્યું હતું.



# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર યોજાઈ



જ્ઞાતિ ચિંતન શિબિરમાં ભાગ લેતાં કચ્છ એકમનાં ઉપપ્રમુખ અને ભુજ મહાજનનાં પ્રમુખ પ્રબોધ મુનવરે જ્ઞાતિ સગપણ કરવામાં વડીલોને પડતી મુશ્કેલીઓ વર્ણવી હતી. દેશાવર અને કચ્છ ને બહુ મુશ્કેલી પડે છે. સુખી-સંપન્ન અને શિક્ષિત યુવાનો હોવા છતાં અનેક પરિવારોને સગપણ માટે અતિ ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આ સમસ્યા હલ કરવા સગપણ સેતુ કાર્યક્રમોનું જુદા-જુદા શહેરો, ગામોમાં આયોજન જરૂરી ગણાવ્યું હતું. સમાજનાં યુવાનોનાં સગપણ જ્ઞાતિમાં નથી થતાં આવા દીકરાઓનાં સગપણ માટે પરિવારજનોને મહિલા આશ્રમોનો સહારો લેવો પડે છે.

કચ્છ એકમ ગાંધીધામના શ્રી મિતેશભાઇ ધરમશીએ જણાવ્યું હતું કે, યુવાનોને પણ ઉચ્ચ અભ્યાસ કરી આગળ આવવું જોઇએ.

કચ્છ એકમના કેતનભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, પોતાની ગાડી, પોતાનું મકાન આવી અનેક શરતો સગપણ, સંબંધ બાંધવામાં અવરોધરૂપ બને છે.

ગાંધીધામના સમસ્ત મહાજન મહિલા વિંગના કુમુદબેન લોડાયાએ જણાવ્યું હતું કે, અગાઉ થતાં યુવા મિલનો ફરી શરૂ કરવા જોઇએ. જેથી સમાજનું હિત જળવાઇ રહે. અલગ-અલગ રાજ્યોમાં રહેતા યુવક-યુવતીઓ એકબીજાના રાજ્યોમાં જઇ મીટીંગો યોજવી જોઇએ. એકબીજાનો પરિચય મેળવવો જોઇએ.

સુલુબેને જણાવ્યું હતું કે, સંયુક્ત પરિવારની ભાવના કાયમી રાખવી જોઇએ. જેથી નાના પ્રશ્નો ઉકેલાઇ શકે.

ગાંધીધામના અનીશ લોડાયાએ જણાવ્યું હતું કે, દીકરીઓની સંખ્યા સમાજમાં ઓછી છે. દીકરીઓને સંસ્કાર આપવા જરૂરી છે. દીકરી-વહુ વચેનું અંતર ઘટાડવું જોઇએ. ૨૧ વર્ષ ઉપરનાં ઉંમરનો ડેટા બેઝ તૈયાર રાખવું જોઇએ. મીડીટીયર કમીટી રચવી જોઇએ.

વડોદરાના એડવોકેટ નિકિતાબેને જણાવ્યું હતું કે, યુવા સંમેલનના આયોજનોથી સમાજનાં યુવક-યુવતીઓ નજીક આવ્યા હતા. યુવા સંમેલનોનું આયોજન ચાલુ રાખવું જોઇએ. શિબિર, સંમેલન, રમતગમત જેવા કાર્યક્રમો મહાજનો, એકમોએ યોજવા જોઇએ.



# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર યોજાઈ



માલાબેન જણાવ્યું હતું કે, ઘણાં પરિવારો શહેરોમાં ૪૦-૪૦ વર્ષોથી રહેતા હોય છે. છતાં સમાજમાં ક્યારે પણ આવતા નથી. તેમને સમાજના કાર્યક્રમોમાં આવતા કરવા જોઇએ.

અમદાવાદનાં ગૌરાંગભાઇએ જણાવ્યું હતું કે, સગપણ માટે તૈયાર થયેલા દીકરાઓના પ્રશ્નો ઉકેલવા જોઇએ. ડિજિટલ પ્રોફાઇલ બનાવવું જરૂરી છે.

ગાંધીધામ કચ્છ એકમનાં નિરંજનભાઇ લોડાયા તથા અમદાવાદનાં લીકેશ મૈશેરીએ યુવકોની આવક તથા ઉંમર ફરકના પ્રશ્નો યુવકને નડે છે. તેવું જણાવ્યું હતું.

કચ્છ એકમનાં ઉપપ્રમુખ અરવિંદભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, પ્રશ્નો કઠીન છે. એનાં ઉકેલ માટે ગ્રાઉન્ડ લેવલે જવું પડશે. એકમો, મહાજનો, મહિલા મંડળો, યુવક મંડળો સક્રિય બની યુવક, યુવતીઓનાં પ્રશ્નો ઉકેલે તો જ સમસ્યા હલ થાય.

અંકલેશ્વરના મંયકભાઇએ જણાવ્યું હતું કે, વસ્તી વધશે તેમ એકબીજા સાથે વાત કરી આગળ વધી શકાશે.

નવીનભાઇ લાલકાએ જણાવ્યું હતું કે, ધ્યયને લક્ષમાં રાખવું પડશે. આત્મચિંતન કરવાની જરૂરત છે. લાગણી-માંગણીને કન્ટ્રોલમાં રાખવી પડશે.

વડોદરા મહાજનશ્રીના શ્રી નરેન્દ્રભાઇએ જણાવ્યું હતું કે, પ્રશ્નો ઘણાં છે જે સૌને નડે છે. સમાજના દીકરા-દીકરીઓને સમાજનાં કાર્યક્રમોમાં મોકલવા જોઇએ. જેથી એક બીજાથી નજીક આવે.

કે.ડી.ઓ મહાજનશ્રી અમદાવાદના રાજેશભાઇ ધરમશીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મહાજન યુવાનોને આગળ કરે છે. દરેક કાર્યક્રમોનું સંચાલન યુવાનો કરે છે. જેના કારણે સમાજના સર્વે તેમને ઓળખતા હોય છે માટે તેઓ ના સગપણમાં મુશ્કેલી ઓછી થાય છે માટે દરેક મહાજનશ્રીઓ એ પણ યુવાનોને સમાજના પ્રોગ્રામમાં આગળ રાખવા થી કાંઈક અંશે સગપણના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે.

રમેશભાઇ એ જણાવ્યું હતું કે, ઓળખતા હોય જાણતા હોય એવી વ્યક્તિઓ સાથે સગાઇ થતી હોય છે. ઓળખતા નથી એકબીજાને જાણતા નથી. તેઓ સગપણ પ્રક્રિયામાં પાછળ રહી જતા હોય છે.

જીજ્ઞેશભાઇએ જણાવ્યું હતું કે, મેરેજ કલિનિક શરૂ કરવાથી ઘણાં ફાયદા થશે.

પશ્ચિમ એકમના શ્રી મુકેશભાઇ દંડે જણાવ્યું હતું કે, મનનાં અંદરની લાગણીઓ ચિંતા બહાર આવી છે. સગપણ સમસ્યા ગંભીર બાબત છે. એનાં ઉપર થયેલી ચર્ચાઓ આવકારવાદાયક છે.

મનીષભાઇ લોડાયાએ થયેલી ચર્ચાઓનો સારાંશ રજુ કર્યો હતો.

શ્રી નિશિથભાઇ દંડે ડેટાબેઝનું કામ, ચિંતન શિબિર યોજવા, સગપણ સેતુ યોજવા, સગપણ ઇચ્છુકોના નામ, ઉંમરની વિગતો એકઠી કરવા જણાવ્યું હતું.

જન્મદરમાં થતો નોંધપાત્ર ઘટાડો સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે.

પશ્ચિમ એકમના કમલેશભાઇએ જણાવ્યું હતું કે, કચ્છમાં પણ વસ્તી ઘટી છે. વસ્તી ઘટતાં શિક્ષણની શરૂઆત જેવા નલીયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર યોજાઈ



જૈન બાલાશ્રમને બંધ કરવું પડયું. બાળકો દત્તક લઇ તેને શિક્ષણ આપવું જોઇએ.

રાજેશભાઇ ધરમશીએ જણાવ્યું હતું કે, બાળક પાછળ થતાં ખર્ચ માટે સંસ્થા, સમાજે વિચારવું પડશે. પરિવાર, સંબંધ, લાગણી, પ્રેમની સમજ અપાશે તો વસ્તી વધશે.

મુકેશભાઇ દંડે જણાવ્યું હતું કે, મેં ચોથી દીકરી દત્તક લઇ તેને શિક્ષિત કરી છે. અનાથ બાળકોને એડહોપ કરવા જોઇએ.

ગાંધીધામ મહાજનશ્રી પ્રમુખ લહેરચંદભાઇ ખોનાએ જણાવ્યું હતું કે, વસ્તી ઘટાડાના મુખ્ય કારણો જાણવા જોઇએ. ૧ બાળક સાથે સ્ટોપ, એજ્યુકેશન, સામાન્ય ખર્ચ, ભરણ પોષણની સમસ્યા અનેક પરિવારોને સતાવે છે. તેથી ૧ બાળક ઇચ્છે છે.

કચ્છ એકમનાં ઉપપ્રમુખ અરવિંદભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, સમાજમાં ૫૦ ટકા પરિવારો મીડલ કલાસમાંથી આવે છે. આડેધડ બાળકો પેદા કરી રોડ ઉપર રખડતા નથી કરવા. સમાજે વિચારવું પડશે. પરિવારોને નડતી સમસ્યાઓ ઉકેલવી જોઇએ તો જ વસ્તી વધી શકે.

નવીનભાઇ લાલકાએ જણાવ્યું હતું કે, દાનનો પ્રવાહ અને દિશા બદલવી જરૂરી છે.

હિરેનભાઇ મોતાએ જણાવ્યું હતું કે, સરકારી માહિતી નો સમાજમાં અભાવ છે. બાળકોને લગતી સ્કોલરશીપો, મેડીકલ સહાય, શાળા, શિક્ષણ વિગેરે અંગેની સરકારી માહિતી ઘર-ઘર પહોંચવી જોઇએ. સરકારી લાભો લેવા જોઇએ.

ગાંધીધામના કેતનભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, બીજી દીકરી આવે ત્યારે મશ્કરી થાય, પણ મહાજનોએ દીકરીઓનું સન્માન કરવું જોઇએ.

નિરંજનભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, જૈનોને લઘુમતિનો દરજ્જો અપાયો છે. જેની અંદર ઘણી બધી સ્કીમો, સહાયની માહિતી છે. જેનો લાભ લેવો જોઇએ.

મિતેશભાઇ ધરમશીએ જણાવ્યું હતું કે, અનેક પરિવારોને ફાઇનાનસિયલ પ્રોબ્લેમ નડે છે.

માલાબેન જણાવ્યું હતું કે, બે થી ત્રણ બાળકો હશે તો તમને ઘણો ફાયદો થશે.

સીલુબેને જણાવ્યું હતું કે, લાઇફ સ્ટાઇલ બદલાવવી પડશે. દીકરાને પણ ટ્રેનીંગ જરૂરી છે.

ચંદ્રેશ લોડાયાએ જણાવ્યું હતું કે, ૫૦ થી ૬૦ વર્ષ પહેલા પરિવારમાં ૮ થી ૧૨ બાળકો હતા છેલ્લા ૩૦ વર્ષમાં બે અને હવે એક બાળક હોય છે.

અનીષ લોડાયાએ જણાવ્યું હતું કે, લગ્ન મોડા થાય છે. સમયસર થાય એ જરૂરી છે.

નરેન્દ્રભાઇએ જણાવ્યું હતું કે, સમાજમાં દાનવીરોની કમી નથી આપણે આપણાં બાળકોને સમજાવવા પડશે. નહીંતર ભવિષ્યમાં કાકી,મામી શબ્દો ભૂલાઇ જશે.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ ચિંતન શિબિર યોજાઈ




હિરેન મોતાએ જણાવ્યું હતું કે, સંયુક્ત કુટુંબમાં ચાર-પાંચ બાળકો હોય પણ સંયુક્ત કુટુંબની ભાવનાં તૂટી રહી છે. સંયુક્ત કુટુંબની ભાવનાં જળવાઇ રહેવી જોઇએ.

ચર્ચાને અંતે શ્રી નિશિથભાઇ દંડે જણાવ્યું હતું કે, કોમ્યુનિટીનું પોપ્યુલેશન વધારવું જોઇએ. ડેટા ઓફ ચાઇલ્ડ એકઠા કરવા જોઇએ. બાળકો ન હોય તેવા કપલનું લીસ્ટ બનાવવું જોઇએ, એડોપ્શનને પ્રોત્સાહન આપવું જોઇએ. મેડીકલ સ્કીમોનો લાભ લેવો જોઇએ.

ત્રીજા મુદ્દા છૂટાછેડાના વધતા કેસો અંગે ચર્ચા હાથ ધરાઇ હતી.

કમલેશભાઇએ જણાવ્યું હતું કે, છૂટાછેડા મોટી સમસ્યા છે. જટીલ પ્રશ્ન છે. જોઇન્ટ ફેમીલી હોય તો આ સમસ્યા હળવી થાય.

પ્રબોધ મુનવરે જણાવ્યું હતું કે, છૂટાછેડામાં બહુ મોટી રકમો માગવામાં આવે છે. કોર્ટ, કચેરીઓમાં જલ્દી નિકાલ આવતો નથી. સમય અને ઉંમર બરબાદ થાય છે. છૂટાછેડા વખતે લેવામાં આવતી તગડી રકમો આપતી વખતે સામેનો પરિવાર બરબાદ થતો જોવા મળે છે. સિનિયર સિટિઝન વડીલોને માલ,મિલ્કત, મકાન વહેંચી નાખી તગડી રકમ ચૂકવવી પડે છે. થોડા દિવસો પછી દીકરી બીજા લગ્ન કરે તો ત્યારે તેને છૂટાછેડા વખતે મળેલ રકમનું શું? કોર્ટોનાં મિડિશિયન સેન્ટરોમાં સમાધાન અરજી કરી અને બંને સહમત થાય તો સમાધાન કરાવી અપાય છે. જેથી છૂટાછેડા અટકાવી શકાય. સમાધાન પંચ રચવું જરૂરી છે.

અનિષ લોડાયાએ જણાવેલ કે, કયાંક વાલીઓની નિષ્ફળતા દેખાય છે. વહુને દીકરીની જેમ રાખે. દીકરીઓનાં લગ્ન થઇ જાય છે. દીકરાઓ રહી જાય છે.

અરવિંદભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, આપણી જ્ઞાતિમાં બીજી જ્ઞાતિની દીકરીઓ આવી છે. એમનાં છૂટાછેડા થયા નથી. પણ આપણી જ્ઞાતિની દીકરીઓનાં છૂટાછેડા થાય છે. દરેક મા-બાપે દીકરીને સારી સમજ આપવી જોઇએ.

ચંદ્રેશ લોડાયાએ જણાવ્યું હતું કે, છૂટાછેડાનાં બનાવો વધી રહ્યા છે. તેને સમાધાનોથી અટકાવવા જોઇએ.

નિરંજનભાઇ લોડાયા, નિરંજનભાઇ મૈશેરી, હિરેન મોતા, કુમુદબેન લોડાયા, ચંદ્રેશ નાગડા, નિકિતાબેન, માલાબેને ચર્ચામાં ભાગ લીધો હતો.

આભાર દર્શન કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશભાઇ લાલકાએ કરેલ. અંતમાં નિશિથભાઇ દંડે જણાવ્યું હતું કે, સ્થાનિક પ્રશ્નો સ્થાનિક મહાજનશ્રી અને એકમ સંસ્થાઓ ઉકેલે. સમસ્ત મહાજન પણ સાથે રહી જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડશે. આજે થયેલી જરૂરી ચર્ચાઓમાંથી અનેક માર્ગો નીકળશે. તેની આશા વ્યક્ત કરી હતી. સુંદર વ્યવસ્થાઓ બદલ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન અમદાવાદનો ખાસ આભાર માનવામાં આવેલ.

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા વાછરાદાદાના મંદિરોમાં કીટ અર્પણ કરવામાં આવેલ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છ પ્રદેશ તથા હાલારના દરેક ગામોમાં શ્રી વચ્છરાજ દાદાના મંદિર બનાવેલ છે. આ દરેક મંદિરમાં શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર-મુલુંડ તરફથી ૩૫ જેટલાં ગામોમાં અગરબત્તી, ઘી, કાપૂસની વાટ, માચીસ, આ સર્વે વસ્તુની કીટ બનાવી દરેક ગામમાં અર્પણ કરવામાં આવેલ. દરેક મંદિરમાં પેડાની પ્રસાદી ચડાવવામાં આવેલ કચ્છના દરેક ગામમાં શ્રી શાંતિજીન ગ્રુપના ભાઈઓ જઈને અર્પણ કરેલ અને હાલારના ગામોમાં પરેશ માલદે દરેક ગામમાં જઈ જઈને અર્પણ કરેલ. પક્ષીઓ માટે ચણ, જુવારના બાચકા, શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર તરફથી કુવાપદ્ધર, કારોતરા, ખીયસરા, વડસર, સુખપર, રાણપર, પિંગલેશ્વર, વિંઝાણ માતાજી, કોઠારા પાંજરાપોળ ગામોમાં અર્પણ કરેલ છે. શ્રી દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના.





શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ તરફથી સંઘવીશ્રી ભાગચંદભાઈ દામજી જૈન/ધરમશી પરિવાર તરફથી શ્રી કચ્છ પ્રદેશ અબડાસાના ૫૨-૪૨ ગામોમાં શ્રી દેરાસરજી માટે અષ્ટપ્રકારી કીટ તથા પૂજારી માટે પેન્ટ-શર્ટ દેઢિયા તીર્થ બૌતેર જિનાલય ભદ્રેશ્વર તીર્થ, બારોઈ ગોયરસમા, આદિપુર ગાંધીધામ ભુજ નગરે આ સર્વે સ્થાને શ્રી શાંતિજીન ગ્રુપના કાર્યકર્તા ભાઈ-બેહનો જઈને અર્પણ કરેલ છે.





















# કચ્છમાં ૫૪ સાર્ધમિક પરિવારોને રાશન સામગ્રી અર્પણ કરાઈ ૨૩ વર્ષથી દાતાશ્રી પરિવારનું અનુમોદનીય કાર્ય

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા **દાતાશ્રી શ્રીમતિ ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈનાં સહયોગથી** ગ્રુપ ફાઉન્ડર જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા, ગ્રુપ અધ્યક્ષ વિપુલ પટેલ, ઉપાધ્યક્ષ વિરેન્દ્ર લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા સમાજનાં સાર્ધમિક પરિવારોને રાશન સામગ્રી વાહનો દ્વારા ઘરો ઘર જઈ હાથો હાથ અર્પણ કરવામાં આવેલ. જિનાલયોમાં અષ્ટપ્રકારી પૂજા સામગ્રી પહોંચાડવામાં આવેલ. તેમજ ૧૭ જૈનેત્તર પરિવારોને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ. માંડવી આશ્રમનાં વૃદ્ધ વડીલોને નવા વસ્ત્રો તથા મીઠાઈ અર્પણ કરવામાં આવેલ. તેમજ માનવજ્યોત સેવાશ્રમના ૭૦ માનસિક દિવ્યાંગોને નવા વસ્ત્રો તથા મીઠાઇ અર્પણ કરવામાં આવેલ. છેલ્લા ૨૩ વર્ષથી દાતા શ્રી સંઘવી ભાગચંદભાઇ દામજી જૈન પરિવાર દ્વારા આ અનુમોદની કાર્ય કરવામાં આવી રહેલ છે.



વિતરણ વ્યવસ્થા શ્રી કિરણ દંડ, પ્રબોધ મુનવર, પ્રવીણભાઈ મોતા, દીપેશ મુનવર, મુકેશ દંડ, રાજેશ દંડ, નીતિન ધરમશી, ખીમજીભાઈ લોડાયા, મનોજ ગાલા, જીતેન્દ્રભાઈ ખોના, હિતેશ પટેલ, મહેન્દ્ર મોતા, રાજેશ ગોરજી, કરણ સોલંકી, રજાકભાઈ હિંગોરા, બુધીયાભાઇ ગઢવી, લાભેન્દ્ર મહારાજ, પ્રફુલ મહારાજ તથા સર્વે કાર્યકરો ભાઇ-બહેનોએ સંભાળી હતી.

કચ્છમાં શ્રી ગુરૂભગવંતોની ભક્તિ કરવાનો લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન/ધરમશી પરિવાર,કોઠારા-મુલુંડ લીધેલ. શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના કાર્યકર્તા ભાઈઓ અને બહેનો એ ભક્તિ કરેલ.











# મુલુંડમાં વાછરાદાદાની પહેડી પ્રસાદ ઉજવાઈ



શ્રી સાંધવ નગરના જાગૃત દેવ શ્રી વાછરાદાદા તથા શ્રી સાંધવ નગરના રક્ષક શ્રી લાલછત્તા પીરની પેહડી પ્રસાદ નિમિત્તે તા.૨૩/૦૩/૨૦૨૫ ને રવિવારના રોજ શ્રી સાંધવ નગરની વથાણમાં ગૌમાતાને જુવાર નિરવામાં આવેલ. શ્રી વચ્છરાજ દાદાના પેહડી પ્રસાદના દાતા પરિવારો તરફથી **શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવાર-સાંધવ, શ્રી માણેકજી મેઘજી લોડાયા પરિવાર-સાંધવ, માતૃશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા-સાંધવ, માતૃશ્રી કંચનબેન (દીપાલીબેન) ગુલાબચંદ નાગડા-રંગપુર** તરફથી શ્રી દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના. કચ્છ-બહારગામથી અને મુંબઈ સહિત ૧૪૦૦ જણાની સંખ્યામાં પહેડી પ્રસાદમાં ભાવિકોએ લાભ લીધેલ. ભક્તિ ગીત રજુ કરનાર નીરવ બારોટ અને મનોજ કારાણી સાથી કલાકારો સારી રમઝટ જમાવેલ. પહેડી નિમિત્તે પાંજરાપોળ નલિયા, તેરા, જખૌ, પરજાઉ, સુથરી, કોઠારા, નરા સર્વે પાંજરાપોળમાં રૂ.૫૦૦૦ આપવામાં આવેલ.

















# શ્રી સાંધવ નગરના શ્રી લાલછત્તા પીરની પહેડી પ્રસાદ મુલુંડ નગરે ઉજવાઈ

શ્રી સાંધવ નગરના રક્ષક શ્રી લાલછત્તા પીરની પેહડી પ્રસાદ તા. ૨૩/૦૩/૨૦૨૫ ને રવિવારના સવારના ૧૦.૦૦ કલાકથી શ્રી મુલુંડ ઈસ્ટ મધ્યે રાખવામાં આવેલ.

શ્રી લાલછત્તા પીરની પેહડી પ્રસાદના લાભાર્થી પરિવાર **માતૃશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર સાંધવ મુલુંડ** લાભ લીધેલ. સંગીતકાર મનોજ કારાણી અને પાર્ટી એ સારી રમઝટ જમાવેલ. સર્વે શ્રી સાંધવવાસી તથા આમંત્રિત મહેમાનો પધારેલ.

શ્રી સાંધવ નગરે થી શ્રી લાલછત્તા પીરનો મોઝાર તથા ઉપસરપંચ મહંમદ હુસેન, માજી સરપંચ શ્રી પ્રતાપસિંહ સોઢા તથા સારી સંખ્યામાં નગરજનો પધારેલ. નિયાણી બહેનો, ગામવાસીઓ આમંત્રણને માન આપી ભાવિકો ૫૫૦ જેટલી સારી સંખ્યામાં પધારેલ. શ્રી દાતા પરિવારની ખુબ ખુબ અનુમોદના.

આવતા વર્ષ (૨૦૨૬) ની શ્રી લાલછત્તા પીરની પહેડી પ્રસાદ સર્વ નિયાણી બહેનો તરફથી રાખવામાં આવનાર છે તા. ૧૨/૦૪/૨૦૨૬ ને રવિવારના રોજ નક્કી કરેલ છે.









# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા માંડવી જૈન આશ્રમ અને રામદેવ સેવારામ આશ્રમ ભુજમાં ભક્તિ કરવામાં આવેલ

તા.૯ માર્ચ રવિવારના **માતુશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ, સાંધવ-મુલુંડ, માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પીર, સુથરી-મુલુંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, સાંધવ-મુલુંડ** તરફથી માંડવી જૈન આશ્રમ અને રામદેવ સેવારામ આશ્રમ ભુજમાં શ્રી સાર્ધમિક ભાઈઓ માટે ટી શર્ટ, બરમુડા-પેન્ટ અને બહેનો માટે મેક્સી, ચણીયા, ચંપલ આપવામાં આવેલ. માતુશ્રી લીલાવંતીબેન વિસનજી સોની, જખો-કાંદીવલી તરફથી સાધર્મિક ભાઈ બહેનોને જેન્સ/લેડીઝ ઘડીયાલ, લેડીઝ માટે ઈમિટેશન નેકલેશ, બેંગલ્સ, વીટી, કાનના બુટીયા, ચાંદલા, બો, બકલ આપવામાં આવેલ.

કસ્તુરીબેન લાલજી પટેલ, સાંધવ-મુલુંડ હસ્તે મોક્ષિલ વત્સલ, હિતેશ પટેલ તરફથી સર્વેને લાકડીયા ગાંઠીયા, સેવ, ચેવડો, પેંડા આશ્રમમાં પેકેટ આપવામાં આવેલ.

શ્રેયાંશ તેજેશ પ્રવિણ મોતા તરફથી સર્વેને ચોકલેટ, મોનાકો બિસ્કીટ, ક્રીમ બિસ્કીટ, સીંગદાણા પેકેટ, ડાયેટ ચેવડો, દાળ પેકેટ આપવામાં આવેલ.

























## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા માંડવી જૈન આશ્રમ અને રામદેવ સેવારામ આશ્રમ ભુજમાં ભક્તિ કરવામાં આવેલ















શ્રી સાંધવ નગરે તા.૧૨/૦૩/૨૦૨૫ બુધવાર શાંતિજીન ગ્રુપના કાર્યકર્તા ભાઈઓ હમણાંની કાળઝાળ ગરમીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરેલ તથા વૃક્ષોને પાણી આપેલ શ્રી સાંધવ નદીના કાંઠાથી કરીને શ્રી સાંધવ કોઠારા ફાટક સુધી વૃક્ષોને પાણી અને વૃક્ષોના ક્યારાનું સમારકામ કરેલ.







# શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઈ પરિવાર આયોજીત શ્રી સચ્ચાઈ માતાજીની સામૂહિક પહેડી ૨૦૨૫ યોજાઈ



તા.૨૨ માર્ચ શનિવારના સાંજે ૪ કલાકે આર.આર.સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ (ઈસ્ટ) મધ્યે પહેડી ભક્તિભાવ સાથે યોજાઈ. જેનો લાભ ૨૫૦૦ થી વધુ ભાવિકો ઉપસ્થિત રહી લીધો હતો.

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||

# શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

## શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી - ૨૦૨૫

## શ્રી સચ્ચાઈ માતાજીના પહેડીના લાભાર્થી પરિવારો

નૈવેદ્ય (પહેડી) જુહારવાના લાભાર્થી
**એક સદ્‌ગૃહસ્થ પરિવાર**

માતાજીની મૂર્તિને તેડી આવવાના લાભાર્થી
**માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા પરિવાર** (સાંધવ-મુલુંડ)

માતાજીની છબીને તેડી આવવાના લાભાર્થી
**માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા** હસ્તે : **જયશ્રી ઉત્તમ લોડાયા – કિંજલ બ્યુટીપાર્લર** (મોટી ખાવડી-ઘાટકોપર)

માતાજીને પોંખવાના લાભાર્થી
**માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા** હસ્તે : **જયશ્રી ઉત્તમ લોડાયા – કિંજલ બ્યુટીપાર્લર** (મોટી ખાવડી-ઘાટકોપર)

માતાજીને ફુલહાર પહેરાવવાના લાભાર્થી
**શ્રી શાંતિલાલ ખીમજી નાગડા** હસ્તે : **પ્રેમિલાબેન શાંતિલાલ નાગડા** (નલિયા-બુરહાનપુર-મુલુંડ)

માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી
**માતુશ્રી સોનબાઈ સોમચંદ કાનજી લોડાયા** (નાની ખાવડી-આકોલા)
હસ્તે **અ.સૌ. ઉર્મિલાબેન પ્રફુલ્લ લોડાયા**

પુજામાં બેસવાના લાભાર્થી–૧
**માતુશ્રી ધનબાઈ રતનશી અરજણ ધ્રોળ** (મલબારી-ગોધરા-કચ્છ)

પુજામાં બેસવાના લાભાર્થી–૨
**માતુશ્રી રમીલાબેન આણંદજી લોડાયા** (રાપર ગઢવાળી-ઘાટકોપર)

માતાજીને ચાંદીનો છત્ર ચડાવવાના લાભાર્થી
**શ્રી શાંતિલાલ ખીમજી નાગડા** હસ્તે : **પ્રેમિલાબેન શાંતિલાલ નાગડા** (નલિયા-બુરહાનપુર-મુલુંડ)

માતાજીને આભૂષણ પહેરાવવાના લાભાર્થી
**માતુશ્રી મીનાબેન ભરત પીર** હસ્તે : **ઉક્તિ – સાક્ષી** (સુથરી-અમદાવાદ)

ધૂપ–દિપના લાભાર્થી
**ધુલ્લા પરિવાર સાંધાણ ગામે માતાજીને નમતા ભાવિકો**

માતાજીના થાળના લાભાર્થી
**અ.સૌ. રશ્મિબેન પ્રતાપ લોડાયા** (તેરા-મુલુંડ)

માતાજીની આરતીના લાભાર્થી
**માતુશ્રી મધુબેન હિરાચંદ દંડ પરિવાર** (લાલા-મુલુંડ)

માતાજીના ભક્તિ ભાવનાના લાભાર્થી
**શ્રી શાંતિલાલ ખીમજી નાગડા** હસ્તે : **પ્રેમિલાબેન શાંતિલાલ નાગડા** (નલિયા-બુરહાનપુર-મુલુંડ)

## સર્વે લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના સહ આભાર...

### આયોજક સમિતી

પ્રમુખ : **શ્રી પ્રવિણ હંશરાજ લોડાયા** (આરીખાણા-મુલુંડ)
ઉપ પ્રમુખ : **શ્રી ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ-મુલુંડ), **શ્રી વિરચંદ નરશી લોડાયા** (રાપર-મુલુંડ)
માનદ્ મંત્રી : **શ્રી વિપુલ ઠાકરશી પટેલ** (સાંધવ-મુલુંડ), **શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા** (નલિયા-મુલુંડ)
ખજાનચી : **શ્રી સંદીપ નવિનચંદ્ર લોડાયા** (સાંધવ-મુલુંડ), **શ્રી રમેશ મુરજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ)

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||

# શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર

આયોજીત

## શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી - ૨૦૨૫

### પહેડીના સ્તંભ દાતા પરિવારો

૧) માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા પરિવાર (આરીખાણા – મુલુંડ)
૨) માતુશ્રી વિમલાબેન ઠાકરશી લોડાયા પરિવાર (સાંધવ – મુલુંડ)
૩) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર (સાંધવ – મુલુંડ)
૪) અ.સૌ. કલ્પનાબેન શામજી દંડ (સાંધવ – મુલુંડ)
૫) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર (નલીયા – મુલુંડ)
૬) માતુશ્રી સુશીલાબેન મણીલાલ દંડ પરિવાર હસ્તે કિરણ દંડ (બાયઠ – વાશી)
૭) માતુશ્રી હંસાબેન હીરાચંદ પટેલ (બાંઢીયા – ઐરોલી)
૮) માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા (રાપર ગઢવાળી – મુલુંડ)
૯) માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરશી લોડાયા (રાપર ગઢવાળી – ભાંડુપ)
૧૦) નિસર – દેઢિયા પરિવાર (વડાલા)
૧૧) માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા (સાંયરા – વાશી)
૧૨) માતુશ્રી દેવકુવરબાઈ અજીત લોડાયા હસ્તે ધાર્મિક (સાંયરા – મુલુંડ)
૧૩) માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા – મુલુંડ)
૧૪) માતુશ્રી દેવકાબેન માણેકજી દંડ (નલીયા – ઐરોલી)
૧૫) માતુશ્રી ગીતાબેન પરેશ મુલજી લોડાયા (જખૌ – બેંગલોર)

**સર્વે લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના સહ આભાર...**

**શનિવાર તા. ૨૨–૦૩–૨૦૨૫ સાંજે ૪.૦૦ કલાકેથી**

**સ્થળ :** આર.આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૧.

**આયોજક સમિતી**

પ્રમુખ : શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા (આરીખાણા-મુલુંડ)
ઉપ પ્રમુખ : શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ), શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર-મુલુંડ)
માનદ્ મંત્રી : શ્રી વિપુલ ઠાકરશી પટેલ (સાંધવ-મુલુંડ), શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ)
